### આણંદ જિલ્લામાં સતત બીજા દિવસે ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ખાસ ડ્રાઇવ યથાવત રહી

# આણંદમાં 25 પેઢી પરથી નમુના લેવાયા

**પ્રવાસન સ્થળ** પર વેચાતા ખાદ્ય પદાર્થના ચેકિંગમાં 4 કિલો બિનઆરોગ્યપ્રદ ખોરાકના જથ્થાનો નાશ કરાયો





(પ્રતિનિધિ) આણંદ તા.5

આણંદ કલેક્ટર પ્રવીણ ચૌધરીના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં આવેલા યાત્રાધામ અને પ્રવાસન સ્થળો ખાતે વેચાણ થતા ખાદ્ય પદાર્થોના ટેસ્ટિંગ કરવા બાબતે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે જે આજે સતત બીજા દિવસે આ ડ્રાઈવ ચાલુ રાખવામાં આવી છે. આ ડ્રાઇવમાં મહીસાગર માતાજી મંદિર, વહેરા ખાડી, વાસદ ઇસ્કોન મંદિર પરિસરની આસપાસ વેચાણ કરતા લારી ગલ્લા ઉપર ખાદ્ય પદાર્થનું આકસ્મિક વેચાણ કર્યુ હતું. આણંદ નિવાસી અધિક કલેક્ટર ઋતુરાજ દેસાઈની દેખરેખ હેઠળ ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા મહીસાગર માતાજીની ચોરી, વહેરાખાડી મંદિર પરિસરની આસપાસ ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા 11 જેટલા લારી ગલ્લાઓની એફ.એસ. એક 2006 અન્વયે તપાસ કરી ને 02 પેઢીઓ પાસેથી પાપડીનો લોટ અને ચણા દાળના નમૂના લેવામાં આવ્યા હતા. તેવી જ રીતે મહીસાગર મંદિર વાસદ ખાતે 04 પેઢીઓની તપાસ કર્યા બાદ 01 લીટર જેટલું બળેલું તેલ,03 કિલો જેટલી વાસી પાપડી અને 500 ગ્રામ ચટણી કે જે બિન આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થ હોવાથી તેનો નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ઇસ્કોન મંદિરની બાજુમાં 05 પેઢીઓ ખાતે તપાસ કરીને 04 જેટલા નમુના લેવામાં આવ્યા હતા અને લોટીયા ભાગોળ વિસ્તાર ખાતે 05 પેઢીઓમાં તપાસ કરીને 06 જેટલા નમૂનાઓ લેવામાં આવ્યા છે.

આમ, સતત બીજા દિવસે ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા 25 જેટલી પેઢીઓ ખાતે તપાસ કરીને 12 જેટલા નમુના મેળવવામાં આવ્યા છે. ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા આ તમામ લારી ગલ્લા તથા પેઢીઓને ખોરાક યોગ્ય અવસ્થામાં સારી હાઈજેનિક કન્ડિશનમાં રાખેલો અને શુદ્ધ સાત્વિક તથા તાજો પીરસવામાં આવે તે અંગેની સૂચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત આજુબાજુ યોગ્ય સાફ-સફાઈ રાખે, ગ્લોઝ પહેરે, કેપ પહેરે અને ફૂડ અને સેફ્ટી ના કાયદાનું પાલન કરે તે અંગેની જાણકારી આપવામાં આવી હતી.

આમ આણંદ જિલ્લામાં આવેલ યાત્રાધામો પ્રવાસન સ્થળો ખાતે આવતા શ્રદ્ધાળુઓ પ્રવાસીઓને શુદ્ધ અને આરોગ્યપ્રદ ખોરાક મળી રહે તેને સુનિશ્ચિત કરવા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

# ચરોતરની માટીના રંગની થીમ આધારિત ધર્મજ ડે ઉજવાશે

**સરદાર પટેલની** 150મી જન્મ જયંતી નિમિત્તે સરદારના વિચારો રજુ કરાશે

(પ્રતિનિધિ) પેટલાદ તા.5

પેટલાદના ધર્મજમાં છ ગામ પાટીદાર સમાજ તથા ધરોહર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આગામી 12મી જાન્યુઆરી 2026ના રોજ સ્વામી વિવેકાનંદ જયંતિના દિવસે 20મા ધર્મજ ડેની ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણી મહામાનવ સરદાર પટેલની 150મી જન્મ જયંતી - શાર્ધ શતાબ્દી ઉજવણીને ધ્યાનમાં રાખી તેની રૂપરેખા જાહેર કરવામાં આવી છે. આ ઉજવણી સરદાર પટેલના વિચારોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવશે. આ ઉપરાંત ચરોતરની માટીના રંગ એટલે કે બ્રાઉન કલરની થીમ આધારિત આ પ્રસંગની ઉજવણી થશે. કાર્યક્રમ સ્થળે થીમ મુજબ સુશોભન કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પેટલાદના ધર્મજ ખાતે 'સરદાર વંદના' પ્રોજેક્ટ કાર્યરત છે. જે અંતર્ગત ધર્મજ કેળવણી મંડળ સંચાલિત તથા સરકારી શાળાઓના સહયોગથી કુલ 1815 વિદ્યાર્થીઓને તેમની વય મર્યાદાને ધ્યાનમાં રાખી સરદાર વિશેના પુસ્તકોનું નિઃશુલ્ક વિતરણ દાતાઓના સહયોગથી કરવામાં આવ્યુ હતું. ત્રણ વિભાગમાં આંતર વર્ગીય વકૃત્વ સ્પર્ધાઓ દરેક શાળા ખાતે કરવામાં આવી રહ્યું છે. આ સરદાર વિચારોને વધુ સારી રીતે સમજી શકે તે માટે આગામી સમયમાં 'સરદાર વંદના' પ્રોજેક્ટ હેઠળ 'સરદાર સ્મૃતિ યાત્રા'નું આયોજન કરવામાં આવશે. જે ધર્મજથી નીકળી એનકે વિદ્યાલય પેટલાદની મુલાકાત લેશે. જ્યાં સરદાર પટેલે શાળાકીય અભ્યાસ કર્યો હતો. બાદમાં આ યાત્રા નડીયાદ ખાતે દેસાઈ વગામાં આવેલા સરદારના જન્મસ્થાનની મુલાકાત લેવામાં આવશે. નડીયાદથી કરમસદ યાત્રા છેલ્લે બોરસદના રાસ ગામે આવેલ વલ્લભ વડ ખાતે પહોંચશે. જ્યાં ખેડૂત સત્યાગ્રહ સમયે સરદાર પટેલની ધરપકડ થઈ હતી. આમ વિદ્યાર્થીઓને સરદાર સ્મૃતિ સ્થાનોની મુલાકાત કરાવી તેઓના જીવન મૂલ્યોથી માહિતગાર કરાશે.

# નડિયાદ: પાણીની ભૂગર્ભ સંગ્રહ ક્ષમતા વધારાશે



(પ્રતિનિધિ) નડિયાદ, તા. 5

નડિયાદ મહાનગરપાલિકાના વોટર વર્ક્સ વિભાગ દ્વારા શહેરીજનોને પૂરતા પ્રમાણમાં પાણી પુરવઠો મળી રહે તે હેતુથી એક મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. નડિયાદના ધારાસભ્યના હસ્તે શહેરની 4 મુખ્ય પાણીની ટાંકીઓ માટે 4.73 કરોડના ખર્ચે પાણીની ટાંકીની ક્ષમતાના ભૂગર્ભ સમ્પ બનાવવાની કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામગીરી અંતર્ગત 1- હરિદાસ હોસ્પિટલ ટાંકી માટે 15 લાખ લિટર, 2- સિવિલ ટાંકી માટે 15 લાખ લિટર, 3- સનરાઈઝ ટાંકી માટે 15 લાખ લિટર અને 4- પ્રગતિનગર ટાંકી માટે 20 લાખ લિટરના અંડર ગ્રાઉન્ડ સમ્પ બનાવવામાં આવશે, સાથે અન્ય આનુષંગિક કામગીરી પણ હાથ ધરાશે. આ નવું ભૂગર્ભ સંગ્રહ માળખું તૈયાર થવાથી મહાનગરપાલિકાને એક મોટી રાહત મળશે. મુખ્ય પંપીંગ મશીનરી કોઈ પણ સંજોગોમાં ખોરવાઈ જાય તેવા સમયે આ નવા અંડર ગ્રાઉન્ડ સ્ટોરેજ મારફતે અંદાજિત 15 હજાર જેટલા ઘરોને પાણીનો પૂરવઠો પૂરો પાડી શકાશે, જેનાથી શહેરના મોટા વિસ્તારને પાણીની અછતનો સામનો કરવો નહીં પડે. આ ખાતમુહૂર્ત કાર્યક્રમ ખાતે પૂર્વ કારોબારી ચેરમેન, ડેપ્યુટી કમિશનરસહિતના અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# વીરપુરમાં યુરિયા સાથે અન્ય પ્રોડક્ટ્સ લેવાના ફતવાથી રોષ

**કંપનીના** ધરાર આગ્રહથી પ્રોડક્ટ્સના વેચાણથી વિક્રેતાઓ મૂંઝવણમાં મુકાયાં



તસવીર: નાથુસિંહ પરમાર

(પ્રતિનિધિ) વીરપુર તા.5

વીરપુર તાલુકામાં ખાતરનું વેચાણ કરતાં વિક્રેતા ભારે મુંઝવણમાં મુકાયાં છે. કંપની દ્વારા યુરિયા સાથે અન્ય પ્રોડક્ટ ફરજીયાત વેચાણ કરવા આપતા હોવાથી વિક્રેતામાં ગણગણાટ ઉભો થયો છે. બીજી તરફ કેટલાક વિક્રેતા મર્યાદીત યુરિયા ખાતર મંગાવતા હોવાથી વ્હેલી સવારથી જ ખેડૂતોને ખાતર માટે લાઈનમાં ઉભા રહેવું પડે છે.

વીરપુરમાં સંઘ દ્વારા જ ખાતરનું વિતરણ થઈ રહ્યું છે. અગાઉ, બે-ત્રણ દિવસ પહેલા ખાતર આવ્યું હતું અને અન્ય બે મંડળીઓમાં પણ ખાતર આવવાનું હતું. જોકે, સંઘમાંથી વિતરણ વખતે ખાતર લેવા માટે લોકોની લાંબી લાઈનો લાગી હોવાનું જાણવા મળ્યું છે. આ યુરિયા ખાતરના વિતરણમાં મુખ્ય અવરોધ એ છે કે કંપનીઓ દ્વારા યુરિયા સાથે અન્ય પ્રોડક્ટ્સ (વસ્તુઓ) જોડવામાં આવી રહી છે. આ પ્રોડક્ટ્સમાં નેનો લીયુરિયા, શિવારીકા, અને રાઈઝ સુપર જેવી કંપની પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે. વસ્તુઓ જોડે આવતી હોવાથી મંડળીઓ પાછી પડી રહી છે અને વિતરણ અટકી રહ્યું છે. આ મુદ્દે વિક્રેતાઓ ભારે દુવિધામાં મુકાયા છે. એક તરફ નેતાઓ ખાતરની પાછળ અન્ય કોઈ પ્રોડક્ટ આપવાની ના પાડી રહ્યા છે, બીજી તરફ કંપનીઓ વિક્રેતાઓને યુરિયાની પાછળ અન્ય પ્રોડક્ટ્સ આપી રહી છે. આથી, વિક્રેતાઓનો સવાલ છે કે જો સરકાર યુરિયાની પાછળ કોઈ પ્રોડક્ટ આપવા માટે ના પાડે છે, તો કંપનીઓ શા માટે આ વસ્તુઓ આપવા માટે આવે છે ? આ પરિસ્થિતિના કારણે, વિક્રેતાઓ દ્વિધામાં પડ્યા છે. આથી, યુરિયાની માંગ હોવા છતાં જોડે આવતી પ્રોડક્ટ્સના કારણે મંડળીઓ અને વેપારીઓ પાછી પાની કરી રહ્યા છે. જેના કારણે ખેડૂતોને પણ પુરતુ ખાતર મળી રહ્યું નથી.

# ઉમરેઠ: ભરોડા ગામના ખેતરમાંથી ટ્રેક્ટર ચોરાયુ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.5

ઉમેરઠ ભારોડા રામવાડીમા ખેતરે પાર્ક કરેલા ટ્રેકટરની ચોરી થઇ ગઇ હતી.જે અંગે ખંભોળજ પોલીસે ફરીયાદ નોંધી હતી.

ઉમરેઠ ખ્રિસ્તી ફળિયામાં રહેતા રમેશભાઇ ધુળાભાઇ ખ્રિસ્તી ભરોડા રામવાડીમાં નટુભાઇ ભાઈલાલભાઇ પટેલના ખેતરે ટ્રેકટર ચલાવવાનું કામ કરી રહ્યાં છે.ત્યારે તા.27-11-2025 ના રોજ ભરોડા રામવાડીના ખેતરે કામ પતાવી ટ્રેકટરને લોક મારી મુકેલ હતુ. જો કે બીજે દિવસે સવારે ખેતરેથી ટ્રેકટર ગાયબ થઇ ગયુ હતુ. જે અંગે ખુબ શોધખોળ કરવા છતા પણ મળી આવ્યુ ન હતુ. તે સ્થિતિમાં રમેશભાઈએ ટ્રેકટર નં.જીજે23સીએ0713 ની ચોરી થવા અંગે ખંભોળજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. ખેડૂતોના સાધનો ચોરી થતા ફફડાટની લાગણી ફેલાઇ છે.

## તારાપુર બસ સ્ટેશનમાંથી બાઇક ચોરાયુ

તારાપુર મોભાપરા વિસ્તારમાં રહેતા સુનીલકુમાર ફતેસંગ પરમાર 18મી ઓક્ટોબરના રોજ કપડાની ખરીદી અર્થે તારાપુર બાઇક લઇને ગયા હતાં. જે દરમિયાન તારાપુર બસસ્ટેન્ડમાં બાઇક પાર્ક કરી તેઓ ખરીદી કરવા નીકળ્યાં હતાં. જો કે થોડા કલાકોમાં ખરીદી કરી પરત આવતા પાર્ક કરેલી જગ્યાએથી બાઇક છુમંતર થઇ ગયુ હતુ. અને ભારે શોધખોળને અંતે પણ મળી આવ્યુ નહતુ. તે સ્થિતિમાં સુનિલકુમારે બાઇક નં.જીજે23 ડીક્યુ2126 ની ચોરી થવા અંગે તારાપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદ કૃષિ યુનિ.ના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો

**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટી અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દાહોદના સંયુક્ત ઉપક્રમે ટ્રાયબલ સબ પ્લાન (ટીએસપી) યોજના અંતર્ગત 'શિયાળુ પાકોમાં સંકલિત રોગ-જીવાત વ્યવસ્થાપન' વિષય પર એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ ખાતે આયોજીત કરાયો હતો. દાહોદ જીલ્લાના મુણધા, પીપલીયા, નગરાલા, નાંદવા, ગલાલીયાવાડ અને લીંમડીયા ગામના જૈવિક ખેતીમાં રસ ધરાવતા ૨૫ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમમાં હાજર રહેલા દરેક ખેડૂતને કીટનાશક છંટકાવ કરવા માટેના સ્પ્રેયર, જૈવિક કીટનાશક મેટારીઝીયમ એનીસોપ્લી, બેસીલસ થુરીન્જીન્સીસ અને સ્યૂડોમોનાસ ફ્લૂરોસન્સ તેમજ જૈવિક નિયંત્રણ સબંધિત પુસ્તિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.




### કરમસદની ભાઈકાકા યુનિવર્સિટી ખાતે આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિનની ઉજવણી કરાઇ

**આણંદ |** કરમસદ સ્થિત ભાઇકાકા યુનિવર્સિટીની કેએમ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી કોલેજમાં આંતરરાષ્ટ્રિય દિવ્યાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની થીમ ફોસ્ટરીંગ ડિસએબિલીટી ઇક્લુઝીવ સોસાયટી ફોર એડવાન્સિંગ સોશિયલ પ્રોગ્રેસ એટલે કે સામાજિક પ્રવૃત્તિને આગળ વધારવા માટે સમાજના અશક્ત લોકોનો સમાવેશ કરી તેમને સમાનતાની તકો આપી પ્રોત્સાહિત કરવાનો હતો. આણંદ જિલ્લાની 6 વિશિષ્ટ સ્કૂલોના (જેમ કે અંધ અપંગ જન વિકાસ મંડળ-મોગરી, ગુરુકૃપા રેસિડેન્શિયલ સ્પેશિયલ સ્કૂલ-આણંદ, અને સાથી સ્પેશિયલ સ્કૂલ-બોરસદ) કુલ 78 દિવ્યાંગ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ઠાસરા તાલુકાના મોટા કોતરિયા ગામમાં વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ કરવામાં આવ્યું



**ઠાસરા |** તાલુકાના અંતરિયાળ ગામ મોટા કોતરિયામાં રામરોટી સત્સંગ મંડળ અને માનવ કલ્યાણ ટ્રસ્ટ, મણીનગર અમદાવાદ તરફથી પ્રાથમિક શાળાના બાળકોને દાતાઓના સહયોગથી સ્વેટર વિતરણ રામરોટી સત્સંગ મંડળના જનકભાઈ વ્યાસ,નરેન્દ્રભાઈ તથા માનવ કલ્યાણ ટ્રસ્ટના દેવેન્દ્રભાઈ શાહ,નરેન્દ્રભાઈ પ્રજાપતિની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાયન્સ ક્લબ બાલાસિનોરના લા. પ્રવીણભાઈ સેવક,સરપંચ અને શાળાના આચાર્ય હરિસિંહ ચાવડાએ નાના ભૂલકાઓને ઠંડીની ઋતુમાં અંતરિયાળ શાળાના 100 વિદ્યાર્થીને સ્વેટર આપવાની કાર્યવાહીને બિરદાવી હતી.

### નડિયાદ ખાતે ગુડ સમારિટન એકેડમી દ્વારા એવોર્ડ અને સન્માન કાર્યક્રમ યોજાયો

**નડિયાદ |** નડિયાદ ખાતે ગુડ સમારિટન એકેડમી દ્વારા એવોર્ડ અને સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ફાધર અરસકુમાર, ફાધર ટોની, શૈલેષ રાઠોડ, વિશાલ મેક્વાન, કિરણ ડોડિયા સહીત એકેડમીના સભ્યો અને શુભચિંતકોના હસ્તે એવોર્ડ એનાયત કરાયા હતા. આ પ્રસંગે ફા. અરસકુમારે જણાવ્યું હતું કે,આવનાર સમયમાં શ્રેષ્ઠ સમાજ નિર્માણ માટે પાયામાં મૂલ્યોની જ્યોત પ્રગટાવવા એકેડમી એવોર્ડ, સેમિનાર, મુલાકાત પ્રવાસ, સ્પર્ધાઓ યોજે છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં શુભેચ્છકો, આચાર્યો, શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. આ ઉપરાંત ફાધર ટોનીએ સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખવા જણાવ્યું હતું. જ્યારે કિરણભાઈ ડોડીયાએ આભાર વિધિ કરી હતી.એકતાબેન મેકવાને કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.



### બાલાસિનોર ખાતે આયુષ મેળો અને મફત સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ યોજાયો

**બાલાસિનોર |** મહીસાગર જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા તથા કોયડમ ધન્વંતરી આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે મહીસાગર જિલ્લાના બાલાસિનોર ખાતેના બીએપીએસ સ્વામીનારાયણ મંદિરના પ્રાંગણમાં પ્રજાજનોની આરોગ્ય સુખાકારી હેતુસર 'આયુષ મેળો તથા મફત સર્વ રોગ આયુષ નિદાન સારવાર કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આયુષ મેળાને નગરપાલિકા પ્રમુખ ગાયત્રીબેન ત્રિવેદી, પાલિકા આરોગ્ય સમિતિ ચેરમેન હંસાબેન મકવાણા, જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય પુષ્પાબેન ખરાડી, મેડિકલ એસોસિએશન પ્રમુખ ડો. નિખિલ શાહ, પ્રવિણભાઇ સેવક સહિતના મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મૂક્યો હતો.



### આણંદ શહેરની ડીએન હાઈસ્કૂલ ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા વિશેષ કાર્યક્રમ યોજાયો

**આણંદ |** શહેરના બ્રહ્માકુમારીઝ (પ્રભુ સ્મૃતિ) દ્વારા ડી. એન. હાઇસ્કુલમાં બિલિયન મિનિટ્સ ઓફ પીસ અપીલ પ્રોજેક્ટ અંતર્ગત એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારી પૂજાબહેને વિદ્યાર્થી જીવનમાં શાંતિનું શું મહત્વ છે ? તે વિષય પર સુંદર ઉદબોધન આપ્યું હતું. તેમના ઉદબોધન બાદ ત્યાં હાજર રહેલા વિદ્યાર્થીઓને શાંતિ મેડિટેશન પણ કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના સમાપન પર બધા વિદ્યાર્થીઓએ વિશ્વ શાંતિ માટે દરરોજ ઓછામાં ઓછા દસ મિનિટ મેડિટેશન અવશ્ય કરવાનો સંકલ્પ લીધો હતો.



### કપડવંજ શહેરના બસ સ્ટેન્ડ ખાતે પ્રભારી સચિવે સ્વચ્છતાનું નિરીક્ષણ કર્યું

**કપડવંજ |** કપડવંજ બસ સ્ટેશન ખાતે પ્રભારી સચિવ આર.સી મીણા, પ્રાંત અધિકારી, ટી.ડી.ઓ. કપડવંજ, મામલતદાર, કપડવંજ દ્વારા બસ સ્ટેન્ડની મુલાકાત લેવામાં આવે છે. જેઓનું વિભાગીય નિયામક સી.ડી.મહાજન, ડીએમઇ તથા ડેપો મેનેજર એન.એમ. કલયાણી દ્વારા બુકે આપી સન્માન કર્યુ હતું. બાદમાં પ્રભારી સચિવે બસ સ્ટેશનની સફાઇ સ્વચ્છતાનું નિરીક્ષણ કરી બસ સ્ટેશનમાં હાજર મુસાફરો, વિદ્યાર્થીઓ સાથે બસની સવલત તથા બસ સ્ટેશનની સાફસફાઈ બાબતે પ્રશ્નોત્તરી કરી પ્રત્યુતરો મેળવ્યાં હતાં.



### કપડવંજની જીવનશિલ્પ ઇન્ટરનેશનલ સ્કૂલના છાત્રોએ વિધાનસભાની મુલાકાત લીધી

**કપડવંજ |** જીવનશિલ્પ ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓમાં સામાજિક જાગૃતિ, સંવિધાનિક સમજ અને નેતૃત્વ ગુણોના વિકાસ માટે અવાર નવાર શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત ધોરણ 5થી 10ના વિદ્યાર્થીઓ માટે ગુજરાત વિધાનસભા, ઇન્દ્રોડા પાર્ક, દાંડી કુટીર અને ગિફ્ટ સિટી ગાંધીનગરનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ રાજ્યના લોકતંત્રના મહત્વના મંદિર - ગુજરાત વિધાનસભાની મુલાકાત લઇને તેનું ઐતિહાસિક તેમજ શૈક્ષણિક મહત્વ સમજ્યું હતું. વિધાનસભામાં વિદ્યાર્થીઓ સાથે ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી રીવાબા જાડેજા સાથે સૌજન્ય મુલાકાત યોજાઈ હતી. આ મુલાકાત વિદ્યાર્થીઓ માટે અત્યંત જ્ઞાનવર્ધક અને યાદગાર બની રહી હતી.



### બાકરોલ સ્પેક એન્જી.ના ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન વિભાગ અંતર્ગત ગેસ્ટ લેક્ચર યોજાયું

**આણંદ |** સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેક્નોલોજી, બાકરોલના ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન વિભાગ અંતર્ગત 'સ્પેશ્યલ પરપઝ ડાયોડ' વિષય પર ગેસ્ટ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લેક્ચરનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સ્પેશ્યલ પરપઝ ડાયોડ વિશે માહિતગાર કરવાનો હતો. આ ગેસ્ટ લેક્ચર કોલેજના આચાર્ય ડો.નાનક પમનાણી, આઇક્યુએસી. કો-ઓર્ડીનેટર જય પટેલ અને ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન વિભાગના વડા પ્રિયંકા પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો. આ ગેસ્ટ લેક્ચરમાં વક્તા તરીકે મનાલી જોશી (લેક્ચરર, ડિપાર્ટમેન્ટ ઓફ ઇલેક્ટ્રોનિક્સ, એસપીયુ,) ઉપસ્થિત રહ્યા હતા.



### પેટલાદની મોરડ પ્રાથ. શાળામાં વિદ્યાર્થીઓને પ્રીતિ-ભોજન તથા સ્વેટર વિતરણ કરાયું



**પેટલાદ |** પેટલાદ તાલુકાની મોરડ પ્રાથમિક શાળામાં સ્વ. હરમાનભાઈ ચતુરભાઈ પટેલના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે તેમજ તેઓના માતા સ્વ. માણેકબેન ચતુરભાઈ પટેલનો ધામગમન દિવસ હોવાથી કમળાબેન હરમાનભાઈ પટેલે અનોખી પહેલ કરીને ગામની ત્રણેય પ્રાથમિક શાળાના બાલ વાટિકાના તેમજ બીજી શાળામાંથી આવનારા 91 જેટલા બાળકોને ઓસ્વાલ કંપનીના ઉચ્ચ ગુણવત્તાના સ્વેટર પ્રદાન કર્યા હતા અને લાડુ સાથેનું પ્રિતિભોજન અર્પણ કર્યું હતું. આ પ્રસંગે આચાર્ય મનીષભાઈ સુથારે તથા સંકલન કરનાર શિક્ષક પરેશભાઈ પટેલે સંસ્થા વતી આભાર વ્યક્ત કર્યો હતો.

### શિશુઓ, બાળકો, કિશોર-કિશોરી અને પુખ્ત વયના લોકોને ધ્યાનમાં રાખીને રમકડાંની રેન્જ તૈયાર કરાઈ

વડોદરા | Amazon.in એ ગો-ટુ ફેસ્ટિવ ટોય ડેસ્ટિનેશન તરીકે હોલિડે ટોય લિસ્ટ 2025ની આવૃત્તિની જાહેરાત કરી છે, જે 25મી ડિસેમ્બર, 2025 સુધી ચાલશે. આ લિસ્ટમાં સ્કિલમેટિક્સ, LEGO, બાર્બી, હોટ વ્હીલ્સ સહિતની અગ્રણી બ્રાન્ડ્સના 10 લાખથી વધુ રમકડાંના કલેક્શનમાંથી 10 હજારથી વધુ ક્યુરેટેડ ડીલ્સનો સમાવેશ થાય છે. આ વ્યાપક શ્રેણી શિશુઓ, બાળકો, કિશોર-કિશોરી અને પુખ્ત વયના લોકોને ધ્યાનમાં રાખીને તૈયાર કરાઈ છે, જેમાં બિલ્ડિંગ સેટ્સ, બોર્ડ ગેમ્સ, શૈક્ષણિક રમકડાં, રીમોટ-કન્ટ્રોલ વ્હીકલ્સ અને ઢીંગલીઓનો સમાવેશ થાય છે. ગ્રાહકોને માર્વેલ, ડિઝની ફ્રોઝન, સ્ટાર વોર્સ, હેરી પોટર અને પોકેમોન જેવા મનપસંદની સાથે સ્પંજબોબ, ડોરેમોન અને LEGO વેનસડે જેવા નવા રોમાંચક કેરેક્ટર કલેક્શન્સ પણ મળશે. આ ઇવેન્ટ દરમિયાન, ગ્રાહકો આરસી કાર અને આઉટડોર એડવેન્ચર પર 50 ટકા સુધીની, શૈક્ષણિક રમકડાં પર 60 ટકા સુધીની, અને ગેમ્સ, ઢીંગલીઓ અને મનોરંજક વસ્તુઓ પર 75 ટકા સુધીની છૂટનો લાભ લઈ શકે છે. વધુમાં, ગ્રાહકો પસંદગીના બેંક કાર્ડ્સથી ખરીદી કરીને 10 ટકા સુધીનું ઇન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ મેળવી શકે છે.